ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
પ્રિ-વિતરણ/પોલીસી/૦૩
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૦૮/૨/૨૦૨૪

# // પરિપત્ર //

વિષયઃ- મહેસાણા રીજીયનની ખેરાલુ ઔદ્યોગિક વસાહત અને ભુજ રીજીયનની માખેલ ઔદ્યોગિક વસાહતને સેચ્યુરેટેડમાંથી "અન-સેચ્યુરેટેડ" વસાહત તથા ગાંધીનગર રીજીયનની ગાંધીનગર (ઈલેક્ટ્રોનિક્સ-એસ.ઈ.ઝેડ) ઔદ્યોગિક વસાહતને "સેચ્યુરેટેડ" વસાહત તરીકે જાહેર કરવા બાબત.

સંદર્ભઃ- (૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/સીઆઇઆર/એકાઉન્ટસ/કોસ્ટ/૧૫/૨૦૦૦, તા.૧૧/૧૨/૨૦૦૪.
(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૬, તા.૧૯/૧૦/૨૦૦૬.
(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૪, તા.૦૧/૦૨/૨૦૧૬.
(૪) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧૬, તા.૧૨/૧૦/૨૦૨૨.
(૫) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/પ્રિ-વિતરણ/પોલીસી/૬, તા.૨૭/૦૭/૨૦૨૩.
(૬) નિગમના નિયામક મંડળની ૫૧૯મી સભાના ઠરાવ ક્રમાંકઃ૭૨/પ્રિ-વિતરણ/૫૧૯/૨૦૨૩, તા.૨૧/૧૨/૨૦૨૩.

નિગમના નિયામક મંડળની તા.૨૧.૧૨.૨૦૨૩ ના રોજ યોજાયેલ ૫૧૯ મી સભામાં નિગમ દ્વારા મહેસાણા રીજીયનની ખેરાલુ ઔદ્યોગિક વસાહત અને ભુજ રીજીયનની માખેલ ઔદ્યોગિક વસાહતને સેચ્યુરેટેડમાંથી "અન-સેચ્યુરેટેડ" વસાહત તથા ગાંધીનગર રીજીયનની ગાંધીનગર (ઈલેક્ટ્રોનિક્સ-એસ.ઈ.ઝેડ) ઔદ્યોગિક વસાહતને "સેચ્યુરેટેડ" વસાહત તરીકે જાહેર કરવા બાબતે નીતિ વિષયક કાર્યસૂચિ ક્રમાંકઃ૩૦/પ્રિ-વિતરણ/૫૧૯, તા.૨૧.૧૨.૨૦૨૩ થી સાદર કરવામાં આવેલ.

પ્રસ્તુત બાબતે નિગમના નિયામક મંડળની ૫૧૯મી સભાના ઠરાવ ક્રમાંકઃ૭૨/પ્રિ-વિતરણ/૫૧૯/૨૦૨૩, તા.૨૧/૧૨/૨૦૨૩ થી ઠરાવ પસાર કરવામાં આવેલ. જે મુજબ નિગમની પ્રવર્તમાન મહેસાણા રીજીયનની ખેરાલુ ઔદ્યોગિક વસાહત અને ભુજ રીજીયનની માખેલ

ઔદ્યોગિક વસાહતની પ્લોટ ઉપલબ્ધિની વર્તમાન સ્થિતી તેમજ કાર્યરત ઔદ્યોગિક એકમોની વિગતો આધારિત પ્રાદેશિક મેનેજરશ્રીના અહેવાલ ધ્યાને લેતાં આ વસાહતોને પ્રવર્તમાન નીતિને અનુરૂપ "અન-સેચ્યુરેટેડ" વસાહતો તરીકે જાહેર કરવામાં આવે છે. સદર નિર્ણયને પૂર્વદ્રષ્ટાંત તરીકે ન ગણતાં આ મુજબના કોઇ પણ નિર્ણય બાબતે નિયામક મંડળની પૂર્વમંજૂરી આવશ્યક રહેશે.

ગાંધીનગર રીજીયનની ગાંધીનગર (ઈલેક્ટ્રોનિક્સ-એસ.ઈ.ઝેડ) ઔદ્યોગિક વસાહત ૯૦% થી વધુ પ્લોટ ફાળવણી થઇ ચૂકેલ હોઇ તેને "સેચ્યુરેટેડ" વસાહત તરીકે જાહેર કરવામાં આવે છે.

ઉપરોક્ત પરિપત્રના અર્થઘટન કરવાની અને તે અન્વયે નિર્ણય લેવાની સઘળી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને હસ્તક રહેશે.

નિગમના તમામ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવાનો રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રી તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાના:-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રી, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(3) જનરલ મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું,

મેનેજર (મહેકમ)
જીઆઈડીસી, ગાંધીનગર